RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 73, Dt.05-06-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પીએમ મોદીનું રાજીનામુંઃ નવી સરકાર રચવા તૈયારી



## કેબિનેટની મિટીંગ બાદ વડાપ્રધાનપદેથી આપ્યું રાજીનામુઃ સંભવતઃ ૮ જૂનના વડાપ્રધાનપદના શપથ લે તેવી સંભાવનાઃ આજે સાંજે એનડીએ ગઠબંધનની બેઠકઃ ઈન્ડીયા ગઠબંધનની બેઠક પણ બપોર બાદ મળશેઃ દિગ્ગજ નેતાઓનો દિલ્હીમાં જમાવડો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે રાષ્ટ્રપતિ ભવન પહોંચીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે મુલાકાત કરીને પદેથી રાજીનામું આપ્યું હતું. હવે આગામી ૮ જૂનના રોજ તેઓ ફરી એકવાર વડાપ્રધાન પદના શપથ લે તેવી શક્યતા છે. હાલમાં એનડીએ I.N.D.I.A. ગઠબંધનની બેઠકો ચાલી રહી છે. હવે સંસદીય દળની બેઠક યોજાયા બાદ જ વડાપ્રધાન મોદી ફરી એકવાર શપથ લે તેવી શક્યતા છે. આજે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં ચર્ચા-વિચારણા કર્યા બાદ મોદીએ પોતાનું રાજીનામુ સુપરત કર્યુ હતું. સાથી પક્ષો સાથે આજે સાંજે યોજાનાર બેઠકમાં સૌની મીટ મંડાયેલી છે.

ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી ગયા છે ત્યારે ભાજપને બહુમતી મળી નથી. તે ૨૪૦ જ બેઠક જીતી શક્યો છે. એટલા માટે હવે સરકાર બનાવવા માટે દારોમદાર હવે એનડીએના સાથી પક્ષો પર છે. આગામી ૮ જૂને ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથી પક્ષોના ટેકા બાદ પીએમ પદના શપથ લે તેવી શક્યતા છે. જ્યારે બીજી બાજુ I.N.D.I.A. ગઠબંધન પણ જોર લગાવી રહ્યું છે કે તે ટીડીપી અને નીતીશ કુમારની પાર્ટી જેડીયુને મનાવી શકે અને તેમના સમર્થનથી કેન્દ્રમાં સરકાર બનાવી શકે. હાલમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ૭ જૂને એનડીએ પણ સંસદીય દળની બેઠક બોલાવી શકે છે.


# ગઈકાલના ચૂંટણી પરિણામોના આંચકા બાદ શેરબજારમાં આજે ફરી તેજી

## સેન્સેક્સમાં ૨૦૦૦ અને નિફટીમાં ૧૩૦૦થી વધુ પોઈન્ટનો ઉછાળો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ આજે એટલે કે ૫ જૂને સેન્સેક્સ ૧,૫૦૦ પોઈન્ટથી વધુના ઉછાળા સાથે ૭૩,૭૦૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. ગઈકાલે તે ૪,૩૮૯ પોઈન્ટ તૂટ્યો હતો. આ તરફ નિફ્ટીમાં ૫૦૦થી વધુ પોઈન્ટનો વધારો થયો છે. તે ૨૨,૪૦૦ના સ્તરે કારોબાર કરી રહ્યો છે.

આજના ટ્રેડિંગમાં સેન્સેક્સના 30 શેરોમાંથી ૨૮માં તેજી અને ૨માં ઘટાડો છે. હિન્દુસ્તાન યુનિલિવરના શેરમાં ૮%નો વધારો થયો છે. MMના શેર પણ ૬% વધ્યા છે. નેસ્લે, એશિયન પેઈન્ટ અને આઈટીસીના શેરમાં ૪%થી વધુનો વધારો થયો છે. ઘટેલા શેરોમાં પાવર ગ્રીડ અને કઝ છે.આમાં ૧%નો ઘટાડો છે.




આજના ટ્રેડિંગમાં FMCG શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી છે. નિફ્ટીનો FMCG ઈન્ડેક્સ ૫%થી વધુ વધીને ટ્રેડ થઈ રહ્યો છે. નિફ્ટી ઓટોમાં ૪%થી વધુ તેજી છે. ફાર્મા અને હેલ્થકેર ઈન્ડેક્સ 3% કરતા વધારે છે. જ્યારે IT, મીડિયા, મેટલ લગભગ ૨% વધ્યા છે.

ગઈકાલે, ૪ જૂને, લોકસભા ચૂંટણીના પરિણામોના દિવસે, સેન્સેક્સ ૪૩૮૯ પોઈન્ટ (૫.૭૪%)ના ઘટાડા સાથે ૭૨,૦૭૯ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૧,૩૭૯ પોઈન્ટ (૫.૯૩%) ઘટીને ૨૧,૮૮૪ ના સ્તર પર બંધ થયો હતો.

સેન્સેક્સના 30 શેરોમાંથી ૨૫ ઘટ્યા અને ૫ શેરમાં તેજી રહી હતી. ગઝડઈ અને જઇઈના શેરમાં લગભગ ૧૫%નો ઘટાડો થયો છે. એલટી, પાવર ગ્રીડના શેર ૧૨% કરતા વધુ ડાઉન છે. જ્યારે હિન્દુસ્તાન યુનિલિવરનો શેર લગભગ ૫.૭૪% વધ્યા હતા.

ગઈકાલે મે ૨૦૨૦ પછી બજારનો સૌથી મોટો ઘટાડો હતો. 30 એપ્રિલે સેન્સેક્સ ૩૩,૭૧૭ના સ્તરે હતો, જે ૪ મેના રોજ ૨૦૦૨ પોઈન્ટ ઘટીને ૩૧,૭૧૫ થઈ ગયો હતો. શેરબજાર ૧, ૨ અને ૩ મે ૨૦૨૦ ના રોજ બંધ હતું.

# ગાંધીધામના ખારીરોહર નજીકથી ૯૧ કરોડનો કોકેઈનનો જથ્થો પકડાયો

## એટીએસ અને એસઓજીની સંયુક્ત કાર્યવાહી, કોઇની અટક નહી

**મુખ્ય સમાચાર, ગાંધીગ્રામ**

ગાંધીધામ નજિક ખારીરોહરથી એટીએસ અને પોલીસની સંયુક્ત ટીમે ૯૧ કરોડનો કોકેઈનનો જથ્થો ઝડપી પાડ્યો હોવાનું સામે આવી પામ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ તમામ પેકેટ ખારીરોહર નજીકથી બીનવારસુ મળી આવ્યા હતા. પોલીસે આ જથ્થો જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીધામ નજીક એ.વી. જોશી વેરહાઉસ, સીએફએસની સામેની તરફે એટીએસ અને એસઓજીએ અગાઉ કોકેઈન ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપ્યો હતો. હવે જ્યારે બીજી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, ત્યારે આ સ્થળથી થોડાજ અંતરે



આવેલા ખારીરોહર વિસ્તારના અવાવરુ વિસ્તારમાંથી ૧૩ પેકેટ મળ્યા હોવાનું સામી આવી રહ્યું છે. આ કાર્યવાહીમાં એક પેકેટની કિંમત ૭ કરોડ ગણીને કુલ ૧૩ પેકેટ કે જે દરેકની કુલ કિંમત મળીને ૯૧ કરોડ થવા જાય છે, તે જપ્ત કરવામાં આવી છે. આ સાથે કોઇ શખ્સ પણ ઝડપાયો નથી. માત્ર અવાવરુ સ્થળ પર મળેલા જથ્થાના કારણે અગાઉના કિસ્સાની જેમજ એજન્સી દિશાહીન માલુમ પડી રહી છે.

હાલ જે ડ્રગ્સનો જથ્થો અને જે રીતે મળેલો છે તે અગાઉ મીઠીરોહર પાસે દરીયાઈ વેકળામાં મળી આવેલા જથ્થાનોજ ભાગ હોવાની વકી સેવાઈ રહી છે. સુત્રોએ જણાવ્યું કે તેનું પેકિંગ એજ રીતનું છુ તેમજ તે કોઇ ટિમ્બરના કન્સાઈમેન્ટમાં માલીકની જાણ બહાર આવી ગયું હોવાથી તેને છોડી મુકાયું હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. અગાઉ મીઠીરોહર પાસે જપ્ત થયેલા જથ્થામાં આવીજ આશંકા વ્યક્ત કરાઈ હતી.

# ચૂંટણીના પરિણામો કોંગ્રેસ માટે જીવન રક્ષક સાબિત થયાઃ ફરી ગઠબંધન સરકારનો યુગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જયાં એનડીએ અને મુખ્યત્વે ભાજપ માટે સંતોષકારક ન હતા, તો બીજી તરફ કોંગ્રેસે પણ પોતાના પ્રદર્શન દ્વારા બતાવ્યું કે તે હજુ પણ જીવંત છે. ચાલો તે ૫ સંદેશાઓ વિશે વાત કરીએ જે ૪ જૂનના આદેશમાંથી બહાર આવ્યા હતા.

લોકસભા ચૂંટણીના પરિણામોનો સૌથી મોટો સંદેશ એ છે કે દેશમાં ફરી એકવાર ગઠબંધનની રાજનીતિનો યુગ પાછો ફર્યો છે. નરેન્દ્ર મોદીના પ્રથમ બે કાર્યકાળમાં ભાજપ પાસે પોતાના દમ પર બહુમતી



હતી, પરંતુ આ ત્રીજી ટર્મમાં તેમને સાથી પક્ષો પર નિર્ભર રહેવું પડશે. તેનાથી નાના પક્ષો અને સહયોગીઓની માંગમાં વધારો થશે. ૨૦૦૧માં ગુજરાતમાં મુખ્યમંત્રી પદ સંભાળ્યા બાદ મોદી પહેલીવાર ગઠબંધન સરકારનું નેતૃત્વ કરશે.

૨૦૧૪માં જયારે મોદીના નેતૃત્વમાં ભાજપ સત્તામાં આવ્યું ત્યારે નકોંગ્રેસ મુક્ત ભારતથનો નારો આપવામાં આવ્યો હતો. કેટલાક વર્ષોથી આ વાસ્તવિકતા હોવાનું જણાયું હતું. કોંગ્રેસે ખરાબ અને ખરાબ સમય જોયા છે. તેને સતત બે વખત મુખ્ય વિરોધ પક્ષનો દરજ્જો પણ મળ્યો નથી. પરંતુ આ વખતે કોંગ્રેસે તેઓ જીવંત હોવાનો સંદેશો આપ્યો હતો. તેણે ૯૯ બેઠકો જીતીને તમામ અંદાજોને ચોંકાવી દીધા હતા.

# ૨૦૨૯ની લોકસભાની ચૂંટણીની તસ્વીર બદલી જશે

## વર્ષ ૨૦૨૫ બાદ દેશમાં નવું સિમાંકન લાગુ પડશે જેના પરિણામે સંસદની બેઠકો ૫૪૩માંથી ૯૦૦ થઈ જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એકબાજુ હવે લોકસભાની ચૂંટણી પુરી થઈ ગઈ છે અને પરિણામો પણ આવી ગયા છે. હવે ૨૦૨૯ની ચૂંટણીઓમાં ઘણુ બધું બદલી જશે તે નવા સ્વરૂપમાં થશે, ચૂંટણીનું ફોર્મેટ બદલી જશે.

નવી સરકારની રચના બાદ આગામી એક-બે વર્ષમાં બનનાર ઘટનાક્રમને જોઈએ તો હાલના સ્વરૂપમાં આ છેલ્લી ચૂંટણી છે જયારે ૨૦૧૯માં આગામી સામાન્ય ચૂંટણી થશે ત્યાં સુધીમાં કેટલાક એવા મોટા નિર્ણયો આવી ગયા હશે, જે હાલના રાજકીય સિનારિયાને પુરી રીતે બદલી નાખશે.



પરિસીમનની અસરઃ ૨૦૨૫ બાદ દેશમાં નવું પરિસીમન બાદ દેશમાં લગભગ ૯૦૦ નવા સાંસદ બની શકે છે. માનવામાં આવે છે કે ૫૪૩ સીટથી ૯૦૦ સીટ થઈ જશે. તેમાં ૮૦ ટકાથી વધુ બિહાર, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વધશે અને દક્ષિણનું પ્રતિનિધિત્વ તે અનુરૂપ નહીં વધે. તેની મોટી અસર રાષ્ટ્રીય રાજનીતિ પર થઈ જશે. જો કે તેનાથી ઉત્તર વર્સીસ દક્ષિણનો વિવાદ વધી શકે છે. પરિસીમનનો આધાર રાજયની વસ્તી હોય છે.

મહિલા અનામત લાગુ થશેઃ મોદી સરકારે પોતાની બીજી ટર્મના અંતિમ દિવસોમાં સંસદ અને વિધાનસભામાં એક તૃતીયાંશ મહિલા અનામત આપતો કાયદો પસાર કર્યો હતો, તેને લાગુ કરવાની સંભાવના ૨૦૨૯ની લોકસભા ચૂંટણીને લઈને છે. આ સ્થિતિમાં આગામી સામાન્ય ચૂંટણીમાં ઓછામાં ઓછી એક તૃતીયાંશ સીટો પર મહિલા ઉમેદવારોને ઉભા કરવા બદલ રાજનીતિક દળોને મજબૂર થવું પડશે.

વન નેશન વન ઈલેકશન થશે?: આગામી ચૂંટણીમાં એક દેશ એક ચૂંટણી પણ લાગુ થવાનું નકકી માનવામાં આવે છે. મોદી તેના સૌથી મોટા હિમાયતી માનવામાં આવે છે. ભાષણના ઘોષણાપત્રનું પણ આ મહત્વનું બિંદુ છે.

શું બદલાશે અનામત?: સવાલ એ પણ પેદા થાય છે કે શું અનામતની સીસ્ટમ પણ બદલશે? નવી સરકારની રચના બાદ તરત વસ્તી ગણતરી થનાર છે. સરકાર પર અનામત કોટાની નવેસરથી સમીક્ષા કરવાનું દબાણ વધી શકે છે.

# નવી સરકાર માટે અનેક પડકારોઃ અર્થતંત્રને દોડતુ રાખવા ટેકસમાં રાહત આપવી પડશે

## ઉત્પાદન, રોજગારી, ખેતી અને નિકાસ પર વધુ ફોકસની જરૂરિયાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગત નાણાકીય વર્ષમાં ૮ ટકાથી વધુનો જીડીપી ગ્રોથ અને દેશ પાંચ ટ્રીલીયન ડોલરની ઈકોનોમી બને એ સફર વચ્ચે નવી સરકારે અનેક મોરચા પર ધ્યાન આપવું પડે તેમ છે. અર્થશાસ્ત્રીઓના અંદાજ મુજબ લોકોના હાથમાં ખર્ચ કરવા માટે વધુ રકમની વ્યવસ્થા કરવી પડશે જેથી ડિમાન્ડ અને વપરાશ વધી શકે છે. નિકાસ વધારવા અને રોજગારીની તક વધારવાની સાથે નવી સરકારે ખેતીની સ્થિતિ પણ સુધારવી પડશે.

નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૮.૨ ટકાના જીડીપી ગ્રોથ સાથે સતત ત્રીજુ વર્ષ એવું રહ્યું કે, ઇકોનોમી વધવાની ગતિ ૭ ટકાથી વધુ રહી છે. પરંતુ અર્થવ્યવસ્થાનો ૬૦ ટકા ભાગ જે એક ભાગ પર ટકેલો છે તેની સ્થિતિ સારી નથી. પ્રાઈવેટ ફાઇનલ, કન્જમ્પશન એકસપેંડિચર (પીએફસીઇ) એટલે કે સામાન્ય લોકો




દ્વારા ચીજવસ્તુઓ અને સેવા પર કરાતા ખર્ચમાં જીડીપી જેવો ઉછાળ નથી. આ વિરોધ ૪ ટકા જ રહ્યો છે. જેમાં મોટુ અસંતુલન દેખાઇ રહ્યું છે.

ગોલ્ડમેન સેકસના નધ રાઇઝ ઓફ એફલુઅન્ટ ઇન્ડિયાથ રીપોર્ટ મુજબ દેશમાં એવા અંદાજિત ૬ કરોડ લોકો જ છે જેની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયાથી વધુ છે. કામ કરતા લોકોમાં આ આંકડો ૪ ટકાનો છે. જે લોકો પ્રિમિયમ કાર, ગેઝેટ જવેલરી અને મોંઘા ઘર ખરીદે છે, બીજી તરફ નાના ઘરો અને નાની ગાડીઓના વેંચાણ ઓછા છે.

બેંક ઓફ બરોડાના ચીફ ઇકોનોમીસ્ટ મદન સવનવીસે કહ્યું હતું કે, નવી સરકારે ટેકસમાં રાહત આપવા પર વિચાર કરવો પડશે. તેનાથી લોકોના હાથમાં ખર્ચ કરવાને લાયક રકમ બચશે. વસ્તુઓ અને સેવાઓની ડિમાન્ડ વધશે. ઉત્પાદન વધારવા માટે કંપનીઓને પ્રોત્સાહન મળશે. રોકાણ અને રોજગાર વધશે. એમએસએમઇને પણ ટેકો આપવો પડશેસ્ત્રસ્ત્ર

ઇન્સ્ટીટયુટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટના સીનીયર અર્થશાસ્ત્રી ડો.સારથી આચાર્યના જણાવ્યા મુજબ પ્રાઇવેટ ઇન્વેસ્ટમેન્ટ વધી રહ્યું નથી. ઔદ્યોગિકકરણમાં મોટા ભાગે પાર્ટસ વિદેશથી મંગાવીને એસેમ્બલ કરવામાં આવી રહ્યા છે. ઉત્પાદન વધારવું પડશે અને સંપૂર્ણ ઇન્ટીગ્રેટેડ વેલ્યુ ચેન બનાવવા પર ધ્યાન આપવું પડશે. શિક્ષણમાં ખાનગી કરણ વધવા સાથે બોગસ સંસ્થાઓનો રાફડો ફાટયો છે. ત્યાંથી બહાર પડતા વિદ્યાર્થીઓ રોજગારને લાયક લાગતા ન હોય શિક્ષણની ગુણવતા પર ભાર આપવો પડશે. નવી સરકારે વધુ ફ્રી ટ્રેડ કરાર કરવા પર ધ્યાન આપવું પડશે. નિકાસ વધારવા માટે એમએસએમઇ પર ધ્યાન વધારવું પડશે. ખેતીવાડીમાં સુધારા માટે બધા પક્ષો સાથે વાતચીત કરીને આગળ વધવાની જરૂર છે.

# ઉત્તર પ્રદેશમાં દલિત-ઓબીસીએ આપ્યો ભાજપને ઝટકો, અમુક બેઠકો પર જાતીય સમીકરણથી ઉલટફેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ વખતે ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ભાજપ ગત વખત કરતાં વધુ બેઠકો જીતવાનો દાવો કરી રહ્યુ હતું, પરંતુ આ વખતે લગભગ અડધી બેઠકો પર નુકસાન થયુ છે. પરંતુ, આખરે ભાજપને આટલી ઓછી બેઠકો કેમ મળી એ સવાલ છે. આ વખતે જ્ઞાતિ સમીકરણથી માંડીને બંધારણ અને રોજગાર જેવા મુદ્દાઓએ ભાજપને પાછળ ધકેલી દીધુ છે.

કૌશામ્બીમાં ભાજપે દલિત સમુદાયમાંથી આવતા વિનોદ સોનકરને ટિકિટ આપી હતી. જ્યારે સમાજવાદી પાર્ટીએ પાસીથી ઈન્દ્રજીત સરોજના પુત્ર પુષ્પેન્દ્ર સરોજને મેદાનમાં ઉતાર્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, વિનોદ સોનકર વિરુદ્ધ સત્તા વિરોધીતા વધારે હતી. એટલુ જ નહીં આ બેઠક પર કુંડાના ધારાસભ્ય રઘુરાજ પ્રતાપ સિંહ રાજા ભૈયાએ પણ વિનોદ સોનકરને સમર્થન આપવાનો ઈનકાર કરી દીધો હતો. લોકોને એટલો ગુસ્સો હતો કે સોનકર એક લાખથી વધુ મતથી પાછળ રહ્યા.

બાંદા બેઠક ભાજપે બે દાયકા સુધી સાંસદ રહેલા આરકે સિંહ પટેલને મેદાનમાં



ઉતાર્યા હતા. જ્યારે સપાએ કૃષ્ણાદેવી શિવશંકર પટેલને ટિકિટ આપી હતી. આ બેઠક પર પર કૃષ્ણા દેવી ૭૦ હજારથી વધુ વોટથી આગળ છે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે એવુ કહેવામાં આવી રહ્યું છે કે, બાંદા બેઠક પર આરકે સિંહ પટેલ વિરુદ્ધ પહેલેથી જ લોકોને જોરદાર ગુસ્સો હતો. એટલું જ નહીં બ્રાહ્મણોના એક મોટા વર્ગમાં પણ તેમની સામે નારાજગી હતી. જ્યારે બસપાએ બ્રાહ્મણ ચહેરાને મેદાનમાં ઉતાર્યા તો ચર્ચાઓ શરૂ થઈ કે બ્રાહ્મણો પણ ભાજપ છોડીને હાથી પર સવારી કરશે, પરંતુ જ્ઞાતિના સમીકરણો સપાના ઉમેદવારની તરફેણમાં હતા.

બારાબંકીથી કોંગ્રેસે પીએલ પુનિયાના પુત્ર તનુજ પુનિયાને ટિકિટ આપી હતી. આ બેઠક પર શરૂઆતથી જ ગળાકાપ સ્પર્ધા જોવા મળી રહી હતી. હકીકતમાં અહીંથી સાંસદ ઉપેન્દ્ર રાવતનો એક વીડિયો વાયરલ થયો હતો, જે પછી ભાજપે તેમની ટિકિટ બદલીને રાજરાની રાવતને આપી હતી. પરંતુ અહીં મોટી સંખ્યામાં મુસ્લિમ વસ્તી અને દલિત સમુદાયનો મોટા વર્ગે કોંગ્રેસના સમર્થનમાં હતું. જેના કારણે તનુજ પુનિયા ૨ લાખ ૧૫ હજાર મતોથી જીતી રહ્યા છે.

જ્યાં હાલમાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થયું છે, તે ફૈઝાબાદની બેઠક પર ભાજપે લલ્લુ સિંહને ટિકિટ આપી હતી. એવું માનવામાં આવતું હતું કે આ બેઠક ભાજપ માટે ખૂબ જ સરળ છે, પરંતુ આ બેઠક પર આજે આવેલા પરિણામો સૌથી વધુ ચોંકાવનારા હતા. સપાના અવધેશ પ્રસાદે ૫૦ હજાર મતોથી જીત મેળવી છે. તેમણે ભાજપના ઉમેદવાર લલ્લુ સિંહને અનેક રાઉન્ડમાં હરાવ્યા.

હકીકતમાં અવધ વિસ્તારમાં ૨૦૧૯ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૪માંથી ૧૩ બેઠકો પર જીત મેળવી હતી, પરંતુ આ વખતે જાતિય સમીકરણમાં એટલા ફેરફારોને કારણે ભાજપને આ બેઠકો પરથી હાર સ્વીકારવી પડી. સમાજવાદી પાર્ટીમાં દલિત પાસી સમુદાયના ત્રણ સૌથી મોટા ચહેરાઓ અવધેશ પાસી, ઈન્દ્રજીત સરોજ અને આર.કે. ચૌધરીને તેમની પાર્ટીમાં લાવીને તેમને ટિકિટ આપવામાં આવી હતી. એ પછી આ સમુદાયે ભાજપ છોડીને કેટલીક બેઠકો પર સપાને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. કુર્મી સમુદાય કે જે ભાજપના ઓબીસીમાં સૌથી સોલિડ વોટ બેંક માનવામાં આવે છે. જેની મોટી અસર સમાજવાદી પાર્ટી પર જોવા મળી હતી. સપાએ કુર્મી સમુદાયમાં ૧૦ ટિકિટ આપી હતી, જેની અસર કેટલીક બેઠકો પર જોવા મળી રહી છે.

# ભાયાવદરમાં બી.એસ.એન.એલ.ના નેટવર્કમાં ધાંધીયા

## છેલ્લા પાંચ વર્ષથી ગ્રાહકો હેરાન-પરેશાનઃ ફરિયાદનું નિરાકરણ કરવા માંગ

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**ભાયાવદર:** ઉપલેટા તાલુકા ના ભાયાવદર ગામે બી.એસ.એન.એલ. નેટવર્કમાં છેલ્લા પાંચ વર્ષથી ધાંધીયા ચાલે છે જેથી લઈને ભાયાવદર ગામના બી.એસ.એન.એલ. ગ્રાહકો દ્વારા ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરવામાં આવી છે ફરિયાદમાં જણાવેલ છે પ્રાઈવેટ કંપનીઓને લાભ આપવા માટે આ ધાંધીયા ચાલી રહે છે ભાયાવદર તથા આજુબાજુના વિસ્તારમાં આશરે ૧૦૦૦ બી.એસ.એન.એલ.ગ્રાહકો હોવાછતાં કોઈ



જવાબ આપતું નથી જેથી એક જાગૃત નાગરિક દ્વારા ગ્રાહકોની સહીઓ સાથે રાજકોટ ડી.જી.એમ.ને લેખિત ફરિયાદ કરેલ છે હવે એ જોવાનું રહ્યું કે આ લેખિત ફરિયાદ કેટલું યોગ્ય નિરાકરણ ક્યારે આવશે કે ખાલી કાગળ પર જ વાતો થશે.

# જામનગરમાં ફાયર સેફ્ટી ચકાસણી પછી કુલ ૧૪૯ મિલકત સીલ કરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંથકમાં તંત્ર દ્વારા વધુ ૪ રેસ્ટોરન્ટ, ૨ ખાનગી શાળા, ૧૧ ટ્યુશન ક્લાસ અને ૧૩ હોસ્પિટલ સીલ કરાઈ છે. ત્રણ દિવસ દરમિયાન ૪૫ ટ્યુશન ક્લાસ, ૬૦ શાળાઓ, ૨૯ રેસ્ટોરન્ટ અને ૧૩ હોસ્પિટલ સહિત ૧૪૯ મિલકત સીલ થઈ છે.

રાજકોટ ગેમઝોન દુર્ઘટનાના પગલે સમગ્ર રાજ્યભરમાં હોટલ, રેસ્ટોરન્ટ, શાળા, કોલેજ, ટ્યુશન ક્લાસ સહિતના સંકુલોમાં ફાયર એન.ઓ.સી. સહિતની ચકાસણી કરવામાં આવી રહી છે. જેને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાનું તંત્ર પણ દોડતું થયું છે, અને શહેરમાં જુદી જુદી આઠ ટીમો બનાવીને દોડતી કરાવાઈ છે, અને ફાયર એન.ઓ.સી. તેમજ બાંધકામની મંજુરી વગેરેની ચકાસણી કરવામાં આવી રહી છે.જેમાં શહેરમાં આવેલી ૨૫ હોટલ, રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવ્યા પછી વધુ ૪ હોટલ સીલ કરાઈ છે અને કુલ આંકડો ૨૯ નો થયો છે.તંત્ર દ્વારા શહેરની ખાનગી હોસ્પિટલોમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું, અને ૧૨૪ થી વધુ હોસ્પિટલોમાં ચેકીંગની કાર્યવાહી થઈ હતી. જે પૈકી બે હોસ્પિટલમાં ફાયર એન.ઓ.સી.નો અભાવ જોવા મળ્યો હતો. જેના કારણે બન્ને હોસ્પિટલોને પાર્ટલી સી કરવામાં આવી છે. દરમિયાન આજે વધુ ૧૩ હોસ્પિટલને સીલ કરવામાં આવી છે જેથી કુલ ૧૫ હોસ્પિટલ સીલ થઈ છે.આ ઉપરાંત શહેરની તમામ ખાનગી સ્કૂલોમાં આજે પાંચમા દિવસે પણ સામૂહિક રીતે ચેકીંગ કરવામાં આવ્યું હતું. જે પૈકી સ્કૂલોમાં ફાયર એનઓસીનો અભાવ જોવા મળ્યો હતો અને સિલિંગની પ્રક્રિયછા ચાલુ રખાઈ હતી જેમાં વધુ ૨ શાળાઓને સીલ કરી દેવામાં આવી છે. સાથોસાથ શહેરમાં ચાલી રહેલા ટ્યુશન ક્લાસ કે જ્યાં પણ ફાયર એનઓસી વગેરેની મંજુરી લેવામાં આવી ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેથી આવા વધુ ૧૧ ટ્યુશન ક્લાસને મહાનગરપાલિકા દ્વારા સીલ કરી દેવામાં આવ્યા છે જે કાર્યવાહી અવીરત ચાલુ રખાઈ છે.

છેલ્લા પાંચ દિવસ દરમિયાન શહેરની કુલ ૬૦ સ્કૂલ, ૪૫ ક્લાસીસ, ૨૯ હોટલ અને ૧૩ હોસ્પિટલ સહિત કુલ ૧૪૯ મિલક્તો સીલ કરવામાં આવી છે. જામનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીના સીધા માર્ગદર્શન હેઠળની સિટી ઈજનેર ભાવેશ જાનીની રાહબરીમાં ત્રણ દિવસથી સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં ફાયરબ્રિગેડની ટીમ, એસ્ટેટ શાખાની ટીમ તેમજ ટીપીઓ બ્રાન્ચની ટૂકડી સર્વે કરી રહી છે.

# જામનગરમાં શંકર ટેકરીમાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા ૬ ને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ સુભાષપરા વિસ્તારમાંથી ગંજી પાના વડે જુગાર રમી રહેલા છ સ્ત્રી પુરુષોને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી જુગારનું સાહિત્ય કબ્જે કર્યું છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે શંકર ટેકરી સુભાષ પરા વિસ્તારમાં રામ મંદિર ચોક પાસે જાહેરમાં સ્ત્રી-પુરુષો એકઠા થઈને ગંજીપાના વડે હારજીતનો



જુગાર રમી રહ્યા છે, જે બાતમીના આધારે દરોડો પાડયો હતો.જયાંથી ગંજીપાનાનો જુગાર રમી રહેલી ચંપાબેન વિનોદભાઈ કંબોયા, જોસનાબેન જમનભાઈ નંદા, ભગવતીબેન શામજીભાઈ રાઠોડ, મયુરીબેન સુનિલભાઈ કુશવાહા, તનુબેન અરૂણભાઇ પાલા, અને વિનોદભાઈ ભુરાભાઈ કંબોયા સહિત છ પત્તાપ્રેમીઓની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૪,૮૨૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી જાણીતું અનસ્ટોપેબલ વોરીયર ગ્રુપ દ્વારા આજે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડની જરૂરિયાત ઉભી થવાની સ્થિતિ અંગે ડો.કપિલ બાવરવા દ્વારા અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપને જાણ કરવામાં આવતા અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના સભ્યો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યા હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ, રાકેશભાઈ બરાસરા, જીતેન્દ્રભાઈ રાવલ, દિપકભાઈ પરમાર અને પંકજભાઈ પરમાર તથા સિવિલ હોસ્પિટલના ડો.કપિલ બાવરવા તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.



# ‘તારી પત્ની સાથે આડા સંબંધ છે અમારી વચ્ચે ન આવતો’ તેમ કહી મોરબીમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી ઉપર ત્રણ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પત્ની સાથેના આડા સંબંધમાં અગાઉ થયેલ બોલાચાલીનો ખાર રાખી ટ્રાન્પોર્ટના ધંધાર્થીને ત્રણ શખ્સોએ લોખંડની ટામી તથા ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારે ભોગ બનનારને છાતીના ભાગે પાંસળીઓમાં ફેકચર જેવી ઈજાઓ પહોંચાડતા સમગ્ર બનાવ બાબતે મોરબી સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મુનનગર ચોકની બાજુમાં ન્યુ ચંદ્રેશનગર શેરી નં.૧ માં આરાધના-૧ના ત્રીજા માળે રહેતા નરેન્દ્રસિંહ પોપટભા ગોહિલ ઉ્વ.૪૮ એ આરોપી વનરાજભાઈ હુંબલ રહે.મોરબી આરાધના-૦૨ સાતમા માળે ચંન્દ્રેશનગર મુનનગર ચોક તા.જી.મોરબી, હુશેનભાઈ અને જગાભાઈ એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે નરેન્દ્રસિંહની ટ્રાન્સપોર્ટ ઓફિસમાં અગાઉ કામ કરતો આરોપી વનરાજ હુંબલ ઘરે આવતો જતો હોય તે દરમિયાન નરેન્દ્રસિંહની પત્ની સાથે આડા સંબંધ હોય જેની જાણ થતા નરેન્દ્રસિંહને આરોપી વનરાજ હુંબલ સાથે ઘણીવાર બોલાચાલી તથા ઝઘડો થયો હોય ત્યારે જેનો ખાર રાખી ગત તા.૦૩/૦૬ના રોજ રાત્રે નરેન્દ્રસિંહ પોતાની ફોર વ્હીલ લઈને પંચાસર જતા હોય ત્યારે પંચાસર રોડ જુના ઉમા હોલની સામે શોપીંગ સેન્ટર પાસે આરોપી વનરાજ હુંબલે નરેન્દ્રસિંહની કારને રોકી કહેલ કે બે દિવસ પહેલા ફોન ઉપર મને કેમ ધમકાવતો હતો તેમ કહી લોખંડની ટામી વડે હુમલો કરી છાતીમાં એ ઘા માર્યો હતો. તથા અન્ય બીજા બે આરોપી હુસેનભાઇ અને જગાભાઇએ નરેન્દ્રસિંહને ગાળો આપી ઢીકાપાટુનો માર મારતા હોય ત્યારે નરેન્દ્રસિંહ દ્વારા બુમાબુમ કરતા આજુબાજુના લોકો તથા નરેન્દ્રસિંહનો પુત્ર એમ બધાએ વચ્ચે પડી વધુ મારમાંથી બચાવી લીધા હતા. ત્યારે આરોપીઓએ ધમકી આપતા કહ્યં હતું કે તારી પત્ની સાથે મારે આડા સંબંધ છે આ બાબતે કઈ કહ્યું કે બોલાચાલી કરી છે તો આજે તો બચી ગયો હવે પછી જાનથી મારી નાખીસ એમ કહી ત્રણેય આરોપીઓ જતા રહ્યા હતા.

ઉપરોક્ત બનાવ બાદ નરેન્દ્રસિંહને સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં છાતીમાં ત્રણ પાંસળીઓમાં ફ્રેકચર સહિતની ઇજાઓનું જોઈ તપાસી ડોક્ટર દ્વારા જણાવવામાં આવતા નરેન્દ્રસિંહ દ્વારા ઉપરોક્ત ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની હોટલમાં બાળ મજૂરી કરી રહેલા બાળકને પોલીસે મુક્ત કરાવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બેડી ગેઇટ વિસ્તારમાં આવેલી એક ચા ની હોટલમાં સગીરવયનો બાળક કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા એક બાળકને મુક્ત કરાવ્યો છે, અને તેના વાલીને સોંપી દીધો છે. જ્યારે હોટલ સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.જામનગરના પોલીસ ના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગરમાં બેડી ગેઇટ પાસે આવેલી હોટલ મનસુખ ભારથી નામની ચા ની



હોટલમાં નાના બાળકને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે.જે માહિતીના આધારે એ. એચ. ટી.યુ. ની પોલીસ ટીમે મોડી સાંજે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ૧૬ વર્ષથી નાની વયનો સગીર બાળક કામ કરી રહેલો મળી આવ્યો હતો. જેથી પોલીસ ટીમે બાળકના વાલીને સ્થળ પર બોલાવી લીધા હતા, અને તેનો કબજો વાલીને સોંપી દઇ ફરીથી બાળકને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું.ઉપરાંત હોટલના સંચાલક ગોગન ઉકાભાઈ બોસરિયા સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઇન્સ્પેક્ટર એન.ડી. સોલંકી તેમજ સ્ટાફના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, કિરણબેન મેરાણી, અને ભાવનાબેન સાબડીયા વગેરે કરી હતી.

# જામનગરના નારણપુરમાં પાડોશીઓ વચ્ચે ધોકાપાઈપ ઉડ્યાઃ ૮ લોકોને ઈજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નારણપુરમાં પાડોશીઓ વચ્ચે ધોકાપાઈપ ઉડ્યા ૮ લોકોને ઈજા.જામનગર તાલુકાના નારણપર ગામમાં બે સેઢા પાડોશીઓ વચ્ચે મારામારીની ઘટના સામે આવી હતી. રૂપિયાની લેતી દેતી મામલે બન્ને પક્ષે તકરાર થઈ હતી. જેમાં બને પક્ષના ૮ લોકોને ઈજા થયાનું સામે આવ્યું છે. લાઇટ બિલના પૈસાની લેતી દેતીના મામલે તકરાર થયા બાદ પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી છે.વિગત અનુસાર જામનગર તાલુકાના નારણપર ગામના ખેડૂત અશોકભાઈ વશરામભાઈ બાંભણિયા અને તેમના ભાઈ ભાઈ ભરતભાઈ, ચતુરભાઈ, ભાવેશભાઇ અને



પોતાની માતા પર હુમલો કરાયો હતો.

લાઈટ બિલના પૈસાની લેતી દેતીના મામલે શેઢા પાડોશી પ્રકાશભાઈ આહીર, કાનાભાઈ અને દેશુરભાઈ ચાવડા દ્વારા હુમલો કરાયો હોવાનું જણાવાયું છે. જેમાં ઇજાગ્રતોને સારવાર માટે જીજી હોસ્પિટલ ખસેડાયા છે. બીજી તરફ સામાપક્ષે કાનાભાઈ બચુભાઈ લૈયા નામના ખેડૂતે પણ અશોકભાઈ બાંભણિયા, ચતુરભાઈ બાંભણીયા ભરતભાઈ બાંભણીયા અને એક અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.જેમાં પ્રકાશભાઈ તેમજ દેશૂરભાઈ ચાવડા ઉપર હુમલો કરવા અંગે જણાવાયું છે. પોલીસે બંને પક્ષની સામ સામે ફરિયાદ નોંધી હતી.

# વાંકાનેરના શેખરડી ગામે બાળકોની તકરારમાં મોટેરાઓ બાખડ્યા,બંને પક્ષોના આઠ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના શેખરડી ગામ ખાતે ગઈકાલ તા.૦૪/૦૬ના ૨ સાંજના સુમારે અગાઉના મનદુ:ખમાં તથા બાળકોની તકરારમાં જૂથ અથડામણ થતા બે પરિવારો વચ્ચે સશસ્ત્ર મારા મારી થઇ હતી. જેમાં તીક્ષ્ણ હથીયારો વડે એકબીજા પર હુમલો કરાતા બંને પરિવારોના આઠથી વધુ લોકોને ઇજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી કુલ પાંચ લોકોને ગંભીર ઇજાઓને કારણે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. બનાવ મામલે હાલ વાંકાનેર તાલુકા પોલીસને જાણ થતા પોલીસ ઘટનાના સ્થળે પહોંચી હતી.

સશસ્ત્ર જૂથ અથડામણના બનાવની સૂત્રો પાસેથી જાણવા મકતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના શેખરડી ગામે બાળકોના ઝઘડામાં તથા અગાઉ થયેલ માથાકૂટનું મનદુ:ખમાં બે પરિવારના સભ્યો આમને સામને આવી ગયા હતા. પ્રથા બોલાચાલી બાદ મામલો ઉગ્ર સ્વરૂપ ધારણ કર લેતા બંને પક્ષોના લોકોએ તીક્ષ્ણ હથિયાર ધારણ કરી બંને પક્ષોના લોકો ઉપર હુમલો કર્યો હતો. જેમાં બંને પરિવારના કુલ આઠથી વધારે લોકોને ઈજાઓ થઇ હતી.

ત્યારે આધારભૂત સૂત્રોમાંથી મળતી પ્રાથમિક માહિતીમાં બંને પક્ષોમાંથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત મનસુખભાઇ વાટુકીયા, બાબુભાઈ વાટુકીયા, સપનાબેન વાટુકીયા, પરબતભાઇ વાટુકીયા તથા અમરશીભાઈ મકવાણાને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ વાંકાનેર બાદ રાજકોટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે આ બનાવમાં અન્ય ઇજાગ્રસ્ત અમરશીભાઈ પટુ મકવાણા, ભુપતભાઇ અમરશીભાઈ મકવાણા, વિનોદભાઈ ભલાભાઈ મકવાણા તથા બે મહિલાને સારવાર અર્થે હાલ વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હોવાની માહિતી મળી રહી છે.

# જામનગરમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમની ૨,૩૭,૧૭૧ મતથી ભવ્ય જીત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવારમે હેટ્રિક લગાવી ભવ્ય વિજય પ્રામ કર્યો છે . ભાજપના પૂનમબેન માડમે કોંગ્રેસના જેપી મારવવીયાને ૨,૩૭,૧૭૧ મતના માર્જિનથી હાર આપી છે . લીડ લની વાત કરવામાં આવે તો પૂનમબેન માડમને સૌથી વધુ સરસાઈ દ્વારકા જિલ્લાની બંને બેઠક પર મળી છે . અહીં પૂનમબેન માડમને એક લાખ મતની સરસાઈ મળી છે . આમ જામનગર લોકસભા બેઠક ભાજપે બહુમતીથી કબ્જે કરી છે . ક્ષત્રિય આંદોલન અને અન્ય સમાજની નારાજગી વચ્ચે ભાજપના ચૂંટણી પ્રચારમાં અનેક વિક્ષેપો બાંધાઓ આવી , પરંતુ પરિણામ પર અસર ન પડી તે ન જ પડી , વર્ષ ૨૦૧૯ ના પરિણામ કરતાં પણ આ વખતે ભાજપા માટે સવાયું પરિણામ આવ્યું છે . જામનગર બેઠક પર ૧૦ લાખ ૫૧,૪૬૫ મતદારોએ પોતાનો મત અધિકારનો ઉપયોગ કરી કુલ ૫૭.૬૭ ટકા મતદાન કર્યું હતું . આજે હરિયા કોલેજ ખાતે હાથ ધરાયેલી મત ગણતરીમાં પ્રથમ ત્રણ રાઉન્ડમાં કોંગ્રેસ ભાજપ કરતાં આગળ નીકળી હતી . પરંતુ બાકીના અન્ય રાઉન્ડમાં કોંગ્રેસ ક્યાંય ભાજપ નજીક પણ પહોંચી ન હતી ચૂંટણીના પરિણામની ખાસ વાત એ રહી કે ક્ષત્રિય આંદોલનની જરા પણ અસર જોવા ન મળી તો બીજી તરફ લેવા પાટીદાર પ્રભાવિત વિસ્તારોમાં પણ ભાજપને લીડ મળી છે.આંકડાકીય નજર કરવામાં આવે તો જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સાત વિધાનસભા બેઠકોમાં આ પ્રમાણે ભાજપ કોંગ્રેસના મત વહેચાયા છે . જામનગર જિલ્લાની કાલાવડ વિધાનસભા બેઠક પર ભાજપના પૂનમબેન માડમને ૬૮,૮૧૭ મત જ્યારે કોંગ્રેસના મારવિયાને ૫૮,૫૨૫ મત મળ્યા છે . એટલે કે આ બેઠક પર લગભગ દસ હજાર ઉપરાંત મતથી ભાજપને સરસાઈ મળી છે , ઉલ્લેખનીય છે મારવીયા કાલાવડના વતની એવા મારવિયાને આ બેઠક પર લગભગ ૪૦,૦૦૦ ને લીડની અપેક્ષા હતી . પરંતુ એ લીડ માત્ર અપેક્ષાજ રહી ગઈ છે , તો જામનગર રૂરલની વાત કરવામાં આવે તો ભાજપના પૂનમબેન માડમને ૮૦,૬૦૧ મત મળ્યા છે .જ્યારે કોંગ્રેસના જેપી મારવીયાને ૬૮ , ૩૪૯ મત મળ્યા છે . આમ આ બેઠક પર પણ પૂનમબેન માડમને ૧૨,૦૦૦ ઉપરાંત મતની સરસાઈ મળી છે . તો જામનગર ઉત્તર બેઠક પર ભાજપના પુનમબેન માડમને ૯૭૦૩૮ મત જ્યારે મારવિયાને ૫૬,૩૫૨ મત મળ્યા છે . તો જામનગર ૭૯ બેઠક પર ૮૭,૫૦૭ મત ભાજપને મળ્યા છે . તો કોંગ્રેસના ફાળે ૪૩,૧૬૨ મત ગયા છે . જામજોધપુર બેઠકની વાત કરવામાં આવે તો ભાજપના પૂનમબેન માડમને ૭૫૨૯૦ મત મળ્યા છે તો કોંગ્રેસના મારવીયાને ૪૯૦૪૧ મત મળ્યા છે .હવે દેવભૂમિ દ્વારકા જિલ્લાની બંને બેઠકો એટલે કે ખંભાળિયા બેઠક પર પૂનમબેન માડમને ૧,૦૩,૮૫૩ મત મળ્યા છે . તો કોંગ્રેસના જેપી મારવિયાને ૬૦૯૧૦ મત મળ્યા છે . જ્યારે દ્વારકા વિધાનસભા બેઠક પર ભાજપના પૂનમબેન માડમને ૧,૫૦ ૧૪ મત મળ્યા છે તો કોંગ્રેસના જેપી મારવી અને ૪૪,૬૧૦ મત મળ્યા છે.આમ દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી પૂનમબેન માડમને લગભગ એક લાખ આસપાસ મતની લીડ મળી છે . અંતે સાતેય વિધાનસભા બેઠકોની વાત કરવામાં આવે તો પૂનમબેન માડમ ને કુલ ૬,૨૦,૦૪૯ મત મળ્યા છે . જ્યારે તેના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર જેપી મારવીયાને ૩,૮૨,૪૧ મત મળ્યા છે .આમ પૂનમબેન માડમનો ૨,૩૭,૧૭૧ મતથી ભવ્ય વિજય થયો છે

# પરસોતમભાઈ રૂપાલાની ભવ્ય જીતને વધાવી કસ્તુરબા ધામના ગ્રામજનોનો આભાર માનતા ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાનો ભવ્ય વિજય થયો છે ત્યારે આ ભવ્ય જીતના સહભાગી બનેલા રાજકોટ જિલ્લાના સર્વે મતદાતાઓ તેમજ કસ્તુરબાધામ જીલ્લા પંચાયત સીટના સર્વે ગ્રામજનોનો જાહેર આભાર વ્યકત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરએ જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા એક દશકામાં લેવાલેયા સીમાચિન્હરૂપ નિર્ણયો લેવાયા છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હેઠળ ભાજપના વડપણ હેઠળની એન.ડી.એ. સરકારે સર્વસમાવેશી અને વિકાસલક્ષી શાસનનું ઉત્તમ દ્રષ્ટાંત પુરૂ પાડયું છે જેમાં ખેડૂતો, ગરીબો, સીમાંત, યુવાનો, મહિલાઓ અને નવા મધ્યમ વર્ગની આશા અને આકાંક્ષાઓ પરિપૂર્ણ થઈ છે. ત્યારે ભાજપ એક



મજબૂત, સ્વનિર્ભર અને સમૃધ્ધ ભારત બનાવવા માટે કટીબધ્ધ છે. આ લોકસભાની ચૂંટણીમાં એન.ડી.એ. ને મળેલ બહુમતીથી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત થશે, રાષ્ટ્રવાદની વિચારધારા વધુ વેગવંતી બનશે.

ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટેના સેવાયજ્ઞમાં રાજકોટ લોકસભાના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતીથી મતદાન કરી વિજય થવા બદલ કસ્તુરબાધામ જિલ્લા પંચાયતના ગઢકા તાલુકા પંચાયત સીટમાં- ૧૦૭૩ની લીડ,ત્રંબા તાલુકા પંચાયત સીટમાં- ૧૨૦૯ ની લીડ, કાળીપાટ તાલુકા પંચાયત સીટમાં - ૧૪૫૧ લીડ, લોધીડા તાલુકા પંચાયત સીટમાં - ૩૪૫ લીડ આમ કસ્તુરબા ધામ જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં કુલ- ૪૦૭૮ની જંગી લીડ આપવા બદલ તેમજ મુખ્યત્વે ક્ષત્રીય સમાજની બહુમતી ધરાવતા વડાળી ગ્રામ પંચાયત અને કાળીપાટ ગ્રામ પંચાયત માં ક્ષત્રીય સમાજએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસની રાજનીતિને સમર્થન આપી પરશોતમભાઈ રૂપાલાને ભવ્ય લીડથી વિજયી બનાવવા સહભાગી બનવા ક્ષાત્રીય સમાજનો તેમજ રાજકોટ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને રાજકોટ જિલ્લાના તમામ મતદાતાઓનો જાહેર આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવતા અંતમાં રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

# યુનિવર્સિટી રોડ પર સરીતા વિહાર સોસાયટીમાં બંધ મકાનમાંથી અંદાજે ૨૦ લાખની મત્તાની ચોરી

## ઝાલા પરિવાર વેકેશન હોવાથી વતનમાં ગયા બાદ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું : યુનિવર્સિટી પોલીસ, એલસીબી, ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમોએ તસ્કરોનું પગેરૂ મેળવવા ક્વાયત હાથ ધરી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે યુનિવર્સિટી રોડ પર આવેલી સરીતા વિહાર સોસાયટીમાં ઝાલા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદાજે રૂ.૨૦ લાખની મત્તાની ચોરી કરી જતા ચકચાર મચી જવા પામી છે.

આ ચોરી અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ યુનિવર્સિટી રોડ પર આવેલ સરીતા વિહાર સોસાયટીમાં રહેતા ઝાલા પરિવારના સભ્યો વેકેશન હોવાથી વતનમાં ગયા હોય ગત રાત્રીના ઝાલા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મેઈન દરવાજાના તાળા તોડી રૂમમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ.૨૦ લાખની મત્તાની ચોરી કરી ગયા હતા આજે સવારે પરિવાર ઘરે આવ્યો ત્યારે દરવાજા તાળા તુટેલા જોઈ કાંઈ અજુગતુ બન્યાનું ખ્યાલ આવતા તેઓએ રૂમમાં ચેક કરતા કબાટમાંથી સોના-ચાદીના દાગીના સહિતની માલમત્તા ગાયબ થઈ હોવાનું માલુમ પડતા પોલીસને જાણ કરી હતી. બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ જે.એમ.કૈયલા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા બનાવ અંગેની જાણ ઉચ્ચ અધિકારીને કરવામાં આવતા ક્રાઈમ બ્રાંચના એસીપી બી.બી.બસીયા વેસ્ટઝોનના એસીપી રાધિકા ભારાઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા પોલીસે ફીંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કોડની મદદ લઈ પોલીસની અલગ અલગ ટીમો બનાવી તસ્કરોનું પગેરૂ મેળવવા ક્વાયત હાથ ધરવામાં આવી છે.

# નિર્મળ ગુજરાત અંતર્ગત રાજકોટ મનપા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪ માં શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશન ૧.૦, સમગ્ર દેશમાં સ્વચ્છતા અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે નિમિત બની રહ્યુ છે. જેની સફળતાના આધારે, ભારત સરકારે વર્ષ-૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને કચરા-મુકત શહેરો (GFC) બનાવવાના ઉદ્દેશય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ લોન્ચ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય સ્વચ્છતા બાબતે હમેશાં અગ્રેસર રહ્યું છે અને સ્વચ્છતા એ સરકારની પ્રાથમિકતા રહી છે. સ્વચ્છતાની આ પ્રવૃતિને વધુ આગળ વધારવા, રાજ્યના તમામ નાગરિકોની સમાન ભાગીદારી કેળવવા રાજય સરકારશ્રી દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. નિર્મળ ગુજરાત ૨.૦ ના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા.૧૫/ ૦૬/૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૬/૨૦૨૪ના રોજ રાજકોટ શહેરના જાહેર માર્ગો, મુખ્ય રોડ, મોલ, માર્કેટ વિસ્તારની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરેલ જેમાં કુલ ૪૩૦ સફાઈ કામદાર મારફત સફાઈ ઝુંબેશ કરેલ અને કુલ ૪૬ ટન કચરાનો નિકાલ કરેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરની હાજરીમાં સેનેટરી ઈન્પોન કટર/ સેનેટરી સબ ઈન્પેમાં કટર દ્વારા કરવામાં આવેલ

# મંછાનગરમાં કપુતે પિતાને માર મારતા સારવારમાં ખસેડાયા

## રૈયાધાર મફતિયાપરામાં પતિએ પત્નીને ધોકાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુના માર્કેટ યાર્ડ પાછળ આવેલા મંછાનગરમાં પ્રૌઢ પિતા પુત્રએ હુમલો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે. જયારે રૈયાધારની મહિલાને પતિએ માર માર્યો હતો.

આ અંગેની વિગત મુજબ જુના માર્કેટ યાર્ડ ? પાછળ આવેલા મંછાનગર શેરી નં.૧માં રહેતા જયંતિભાઈ કેશાભાઈ (ઉ.૬૦) નામના પ્રૌઢ બપોરે પોતાના ઘરે હતા ત્યારે તેના પુત્ર મહેશે કોઈ કારણસર ઘડો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બીડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

બીજા બનાવમાં રૈયાધાર મફતીયાપરામાં રહેતા પાર્વતીબેન બાબુભાઈ વઢીયારા (ઉ.વ.૪૦) નામના મહિલા ગત તા. ૨ના બપોરે લક્ષ્મીનગર મેઇન રોડ પર નાના મવા સર્કલ પાસે હતા ત્યારે તેના પતિ બાબુભાઈએ કોઈ કારણસર ઝઘડો કરી ઇંટ વડે માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે.

# મનપાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ૧૦૯ આસામીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી દંડ ફટકારાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા તારીખ ૦૪ના રોજ ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડનીકાર્યવાહી હાથ ધરાઈ હતી. કુલ ૧૦૯ આસામીઓ પાસેથી ૧૨.૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથીરૂ./- ૩૬૯૦૦નો વહીવટી ચાર્જ વસુલતારીખઃ ૦૫-૦૬-૨૦૨૪ રાજકોટમહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૦૪/૦૬/૨૦૨૪ના રોજત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમદ્વારા



પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલકરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા.૦૪/ ૦૬/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથીકુલ આસ૧૦૯ામીઓ પાસેથી ૧૨.૩ કી.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ./-૩૬૯૦૦નો વહીવટીચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના ગીતામંદિર રોડ, આનાદબંગલાચોક પર ઝુંબેશરૂપે પ્રતિબંધીતપ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી૩.૩૫કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૯૦૦/- નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનનાપુનીતનગરરોડ, લક્ષ્મીનગરમેઈનરોડપરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ પાસેથી ૫.૪૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકીકરતા આસામી પાસેથી રૂ ૧૯૩૫૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાકુવાડવારોડ, પેડક રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણકરતા ૨૪આસામીઓ પાસેથી ૩.૫કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકીકરતા આસામી પાસેથીરૂ.૭૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીનીસુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણઇજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઇન્સ્પેકટર/સેનેટરી સબ ઇન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# ઓટી આસીસ્ટન્ટ અને નર્સિંગ એસોસિએશન દ્વારા અગ્નિકાંડ દુર્ઘટનામા મૃત્યુ પામેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવાઈ




ઓટી આસિસ્ટન્ટ અને નર્સિંગ એસોસીએશન રાજકોટ દ્વારા શિવાજી ના પુતળા પાસે રેષકોસ રાજકોટ ખાતે ઝછ્છ ગેમ ઝોનમાં આગ લાગવાથી સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાને લઈ અત્યંત દુઃખની લાગણી થી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગત આત્માઓને ઈશ્વર શાંતિ અર્પે અને ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા સારા કરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરેલ અને કરૂણ મૃત્ય પામેલ માટે શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી સોમવાર તારીખ ૩ ના સાંજે ૭ થી ૭:૩૦ શિવાજી પાર્ક રેષકોસ ખાતે કાર્યક્રમ રાખેલ હતો.

# ટંકારાના લજાઈ ગામે પેકીંગ ઈન્ડસ્ટ્રીઝમાં પંચીંગ મશીનમાં આવી જતાં ઓડિસાના શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા તાલુકાના લજાઈ ગામે હડમતીયા રોડ ઉપર આવેલ પ્રભાત પેકીંગ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતી વેળા છાતીનો ભાગ પંચીંગ મશીનમાં આવી જતા થયેલ ઇજામાં પરપ્રાંતીય મજૂરનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર મૂળ ઓડિસા રાજ્યના વતની હાલ ટંકારા તાલુકાના લજાઈ ગામ નજીક હડમતીયા રોડ ઉપર આવેલ પ્રભાત પેકીંગ ઈન્ડસ્ટ્રીઝમાં રહી મજૂરી કામ કરતા શિબાશંકર બિજયકુમાર ટુંગ ઉવ-૧૯ ગત તા. ૩૦/૦૫ના રોજ રાત્રી દરમિયાન ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતી વેળા પંચીંગ મશીનની પ્લેટમાં શિબાશંકરનો છાતીનો ભાગ આવી જતા તેમને છાતીમાં અંદર ભાગે ગંભીર ઇજા થતા સારવારમાં મોરબીની ખાનગી હોસ્પિટલમાં લાવતા ફરજ પરના ડોક્ટરે શિબાશંકરને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે જરૂરી ખાતાકીય પેપર વર્ક કરી ટંકારા પોલીસ મથકમાં મોકલી આપતા ટંકારા પોલીસે મૃત્યુના બનાવની અ.મોત દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના લાકડધાર રોડ ઉપર તળાવમાંથી કોહવાય ગયેલ હાલતમાં પ્રૌઢનો મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના વિઠ્ઠલપર ગામની સીમમાં લાકડધાર રોડ પર જીએસઇસીએલ પાવર પ્લાન્ટ પાસે તળાવમાંથી હિરાભાઇ ધનાભાઇ અણીયારીયા ઉવ.૫૮ રહે.લાકડધાર તા.વાંકાનેર જી.મોરબી કોઇપણ કારણોસર મરણ જતા તેની લાશ કોહવાઇ ગયેલ હાલતમાં મળી આવતા મૃત્યુનો બનાવ બનેલ છે. ત્યારે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે મૃતદેહને સરકારી હોસ્પિટલમાં ખસેડી મૃત્યુ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માં તા.૦૫/૦૬/૨૪ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે કેટ મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૦૬/૦૬/૨૪ ગુરૂવારનાં રોજ ૫:૩૦ કલાકે સરગમ બીટસ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૦૭/૦૬/૨૪ શુક્રવારના રોજ ૫:૩૦ કલાકે ઝનકાર મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તથા તા.૦૮/૦૬/૨૪ શનિવાર ના રોજ ૫:૩૦ કલાકે ફ્રેન્ડસ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૦૯/૦૬/૨૪ રવિવાર ના રોજ ૫:૩૦ કલાકે સુર સનમ મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, હરનેશભાઈ સોંલકી, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, તેજસભાઈ પીઠવા, હિતેષભાઈ પંડ્યા, સલીમભાઈ ચાનીયા અને નીલાબેન હિંડોચા, સબ્બીરભાઈ ધાનાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સરગમ ક્લબ તેમજ કશ્યપ જવેલર્સ (દુબઈ)ના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયોઃ આ કેમ્પમાં ૭૫ દર્દીએ લાભ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા (કશ્યપ જવેલર્સ દુબઈ) ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૬/ ૨૦૨૪ થી ૩/૦૬/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૭૫ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૨ લેગ (પગ) નાં દર્દી ૩૩ અને રીપેરીંગ ૧૦ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા (કશ્યપ જવેલર્સ




દુબઈ) નો સહયોગ મળેલ છે. દર વર્ષે ૧ જૂન ના રોજ શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા (કશ્યપ જવેલર્સ દુબઈ) દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ભરતભાઈ રૂપારેલીયા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, માલાબેન સોની વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા.૧/૦૭/૨૦૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુરમાં ચાલતી જુગાર ક્લબ પર રૂરલ એલસીબી ત્રાટકી: રૂ.૧.૪૯ લાખના મુદ્દામાલ સાથે પાંચ ઝડપાયા

## ભાડલાના વેરાવળની સીમમાં જુગાર રમતા સાત ઝડપાયા એક ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરના ઉદ્યોગનગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં ચાલતી જુગાર ક્લબ પર રૂરલ એલસીબી ટીમે દરોડો પાડી પાંચ જુગારીઓને દબોચી લઈ રૂ.૧.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચના થી પીએસઆઈ ડી.જી.બડવા હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ, દિવ્યેશભાઈ, નિલેશભાઈ સહિતનો સ્ટાફ જેતપુર ઉદ્યોગનગર વિસ્તારમાં પેટ્રોલિંગ હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નિલેશ રાજા ડાંગર નામના શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડતા જુગાર રમતો નિલેશ ડાંગર, સંજય ઉર્ફે મામા અનિલ સુબા, દિનેશ કેશુ કમાણી, સંજય વેજા કનારા, રાજુ નાગજી પાદરીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૩૪૨૩૦ તથા સાત મોબાઈલ અને બે બાઈક સહિત કુલ રૂ.૧.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક બનાવમાં ભાડલા પોલીસના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ગઢાદરા તથા હેડ કોન્સ્ટેબલ બી.એમ.સોલંકી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે વેરાવળ (ભા) ગામની સીમમાં દહીસળાના જુના કાચા રસ્તે આરોપી જયસુખ પાચા ગોવાણીની વાડીમાં દરોડો પાડતા જુગાર રમતો જયસુખ ગોવાણી, ભલ્લા પ્રેમજી મેઢાણીયા, કિશન હંસરાજ મેઢાણીયા, રમેશ નાથા રાજાણી, ભરત ઉર્ફે ભક્કો આંબા મેઢાણીયા, કાનજી ધના ભાલીયા, વલ્લભ મેરામ નાગાણી સહિત સાત શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂ.૧૮૧૯૦નો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલો વિશા બિજલ ગોવાણીની શોધખોળ આદરી હતી.

# બજરંગવાડી સર્કલ પાસે બગીચામાં નવોઢાનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## સંતોષીનગરમાં યુવતીએ ફીનાઈલ ગટગટાવી લેતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરામાં રહેતી અને એક વર્ષ પહેલા જ પરણેલી પરિણીતાએ બજરંગવાડી સર્કલ નજીક બગીચામાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરામાં રહેતી આશા વૈભવભાઈ જાટીયા (ઉ.વ.૨૪) નામની પરિણીતાએ ગત રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં બજરંગવાડી સર્કલ નજીક નવા બગીચામાં હતી ત્યારે કોઈ કારણસર ઝેરી દવા પી લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં તેના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા. જ્યારે બીજા બનાવમાં રેલનગરમાં સંતોષીનગર મફતિયાપરામાં રહેતી સંગીતા ચતુરભાઈ સોલંકી (ઉ.વ.૨૭)નામની યુવતીએ સવારે પોતાના ઘરે અગમ્ય કારણસર ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ છે. આ અંગે પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# કોઠારિયા સોલવન્ટ પાસે ૨૫ વારીયામાં મહિલા ૨૨ હજારના દારૂ સાથે ઝડપાઈ

## એરપોર્ટ રોડ પર છોટુનગરમાં ચોરાઉ રિક્ષા સાથે હસનાપુરના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**






શહેરની ભાગોળે કોઠારિયા સોલવન્ટ પાસે ૨૫ વારીયામાંથી મહિલાને દારૂ સાથે અને એરપોર્ટ રોડ પર છોટુનગર પાસે ચોરાઉ રિક્ષા સાથે એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરીસાગર, હેડ કોન્સ્ટેબલો મનરૂપગિરી, કોન્સ્ટેબલ હિતેષભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કોઠારિયા સોલવન્ટ પાસે આવેલ શિતળાધાર ૨૫ વારીયા શેરી નં.૨૯માં રહેતી ગુલાબબા પ્રદિપસિંહ ચુડાસમાના રહેણાંક મકાનમાં દરોડોપાડતા રૂ.૨૨૫૦૦ની કિમતની વિદેશી દારૂની અલગ અલગ બોટલો મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એ.ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ, કોન્સ્ટેબલ જયપાલસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે એરપોર્ટ રોડ પર છોટુનગર પાસેથી ચોરાઉ રિક્ષા સાથે મુકેશ શામજી મીઠાપરા (રહે.કેકેવી બ્રીજ નીચે ફૂટપાથ પર મૂળ ગામ હસનાપુર તા.વિસાવદર)ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી ધરવામાં આવી છે.

# લોધિકાના વિરવા ગામે પરિણીતાને મરવા મજબુર કરનાર સાસરિયા સામે ફરિયાદ

## ભાવનગરમાં કોર્ટ કલાર્ક તરીકે ફરજ બજાવતાં પતિ સહિતના સાસરિયાઓની ધરપકડ કરવા તજવીજ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકા તાલુકાના વીરવા ગામે રિસામણે બેઠેલી પરિણીતાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જે અંગે લોધિકા પોલીસે પતિ સહિતના સાસરિયાઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ ભાવનગરમાં કોર્ટ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કુલદીપસિંહ ગુલાબસિંહ સરવૈયા મૂળ પાલિતાણાવાળા સાથે લોધિકા તાલુકાનાં વીરવા ગામે રહેતી ધર્મિષ્ઠાબા જાડેજાના લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ અને સાસરિયાઓ દ્વારા કરિયાવર બાબતે અવારનવાર મહેણાંટોણાં મારી ત્રાસ આપવામાં આવતા છેલ્લાં બે વર્ષથી ધર્મિષ્ઠાબા પિયર રિસામણે આવ્યા બાદ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જે અંગે મૃતક ધર્મિષ્ઠાબાના ભાઈ કૃષ્ણપાલસિંહ જાડેજાએ લોધિકા પોલીસ મથકમાં બહેનના પતિ, સાસુ, સસરા અને નણંદ દ્વારા અપાતા ત્રાસનાં કારણે આપઘાતનું પગલું ભર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે સાસરિયાઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સામખીયાળી પાસે ટ્રક અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત: એક જ પરિવારના છ લોકોના મોત

## ગોંડલના દેરડી કુંભાજી ગામે રહેતો પરિવાર ઈકો કાર ભાડે કરી કચ્છમાં મોરાગઢ દર્શન કરવા ગયાને કાળનો કોળીયો બન્યા







**મુખ્ય સમાચાર, સામખિયાળી**

ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતો પરિવાર ઈકો કાર ભાડે કરી કચ્છના મોરાગઢ ગામે મોમાઈ માતાજીના દર્શન કરી બપોરે પરત જતો હતો ત્યારે લાકડિયા નવા કટારિયા ઓવરબ્રિજના વન-વેમાં કાર સાથે ટ્રેલર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો આ ઘટનામાં એક કિશોર સહિત પરિવારના છ લોકોનાં મોત નીપજ્યા હતા જ્યારે ત્રણ ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જે પૈકી એકને વધુ સારવાર માટે ભુજ ખસેડવામાં આવ્યો છે બનાવને પગલે પોલીસ કાફલો દોડી ગયો હતો.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતા દેવુસિંહ ટપુભાઈ ખાત્રા, ભાવેશભાઈ ખાત્રા, ભાવનાબેન ખાત્રા, વેદકુમાર ખાત્રા, રૂદ્રકુમાર ખાત્રા, સોનલબેન અમિતભાઈ ગોરસીયા, નંદકુમાર ગોરસીયા, અંબાબેન, વિદિશાબેન પ્રવિણભાઈ ખાત્રા કાર ભાડે કરી મોરાગઢ ગામે મોમાઈ માતાજીના દર્શન કરવા ગયા હતા બપોરે ભોજન લઈ પરત જવા રવાના થયા હતા કાર લાકડિયા નજીકના નવા કટારિયા પાસે ઓવરબ્રિજના વન- વે પર પસાર થતી હતી ત્યારે સામેથી આવતા ટ્રેલર સાથે ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને કારનો બુકડો બોલી ગયો હતો અકસ્માતમાં કારમાં બેઠેલા નવ પૈકી ૧ કિશોર, ૩ મહિલા અને ૨ પુરુષોનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા જ્યારે ગ્રંથકુમાર અમિતભાઈ ગોરસિયા (ઉ.વ.૧૨) અને તેના મામાની દીકરી વિધિશા પ્રવીણભાઈ ખાત્રા(ઉ.વ.૨૦) અને ત્રીજી વ્યકિતને ઈજાઓ થતા સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી એક વ્યક્તિને વધુ સારવાર માટે ભુજ ખસેડવામાં આવ્યા હતા અકસ્માતના પગલે ટ્રાફિક જામ સર્જાતા લાકડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.આર.વસાવા તથા સ્ટાફ દોડી ગયો હતો અને મૃતકના પરિવારજનોને જાણ કરી વાહન વ્યવહાર પુર્વવત કરાવી મૃતકોના પીએમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

# જેતપુરના મોણપર ગામની સીમમાં વિદેશી દારૂની ૧૫૩૬ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુર સીટી અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂનું પૂર જોશમાં વેંચાણ ચાલતું હોવાની હકીક્ત મળતા રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ ડી.જી.બડવા અને તેની ટીમના માણસોએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોણપર ગામની સીમમાં ઉદય જગદિશ ધાંધલ નામના શખ્સની વાડીમાં દરોડો પાડતા ગોડાઉનમાં છુપાવેલો નાની-મોટી બોટલ નંગ ૧૫૩૬ કિંમત રૂ.૧.૭૭ લાખનો જથ્થો ઝડપી લઈ વાડી માલીક ઉદય ધાંધલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગેમઝોનના સંચાલકોએ ફાયર સેફ્ટીના સાધનો ખરીદવા તૈયારી બતાવી’તી

## જુદા જુદા સ્થળોએ સાધનોના ભાવતાલ અંગે પૂછપરછ કરી પરંતુ મોંઘા હોવાથી ઈન્સ્ટોલેશન ન કરાવ્યાની કબુલાત આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ લોકોના મોત નીપજયાની ઘટનાના ૧૧ દિવસ બાદ પણ પોલીસની તેજ તપાસ ચાલી રહી છે બેજવાબદારી દાખવનાર અને ગુનામાં પકડાયેલા ગેમઝોનના સંચાલકોની પુછતાછ કરતા મોટો ઘટસ્ફોટ થયો છે સંચાલકોએ ફાયર સેફ્ટીના સાધનો ખરીદવા બે-ત્રણ સ્થળે પૂછતાછ કરી ભાવ કઢાવ્યા હતા પરંતુ કોસ્ટ વધુ હોવાથી ભાવ પોષાય તેમ નહિ હોવાથી ઈન્સ્ટોલેશન કરાવ્યું ન હોવાનું પોલીસ સમક્ષ નિવેદન આપ્યું હોવાનું ડીસીપી ક્રાઈમએ જણાવ્યું છે.

રાજકોટની ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં ૨૭ લોકોના મોત નિપજયાના બનાવમાં તાલુકા પોલીસે સાપરાધ મનુષ્ય વધ હેઠળ ગુનો નોંધી ગેમઝોનના ૫ સંચાલકો-ભાગીદારોની તેમજ એનઓસી નહિ આપી બેદરકારી દાખવનાર પૂર્વ ટીપીઓ એમ ડી સાગઠીયા સહીત ૪ મળી કુલ ૯ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવી સીટ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે દરમિયાન સંચાલકો યુવરાજસિહ સોલંકી, નીતિન જૈન, રાહુલ રાઠોડ, ધવલ ઠક્કર અને કિરીટસિહ જાડેજાની સીટ દ્વારા આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે દરમિયાન ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિહ ગોહિલએ જણાવ્યું હતું કે ઉપરોક્ત આરોપીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા જેમાં આરોપીઓએ જણાવ્યું હતું કે ગેમઝોનમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરાવવા માટે જુદા જુદા સ્થળોએ સાધનોના ભાવતાલ અંગે પૂછપરછ કરવામાં આવી હતી પરંતુ સાધનો બહુમોંઘા હોવાથી અને ભાવ પરવળે તેમ ન હોવાથી ફાયર સેફ્ટીના સાધનો ખરીદવાનું માંડી વાળ્યું હતું અને ઈન્સ્ટોલેશન કરાવ્યા ન હોવાની ચોકાવનારી કબૂલાત આપી હતી ભાવ ન પોષાય તેમ હોવાથી ફાયર સેફ્ટીના સાધનો નહિ ખરીદતા આ મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું હાલ સુધીની તપાસમાં સામે આવ્યું છે.

# મેટોડાના યુવાનને હનીટ્રેપમાં ફસાવી આપઘાતની ફરજ પાડનાર યુવતી સહિત બે ઝડપાયા

## લોધિકા પોલીસે રૈયાધારનો હોમગાર્ડ રાહુલ બગડા અને મેટોડાની કીરણ ઉર્ફે કિર્તીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**




શહેરની ભાગોળે આવેલ ઔદ્યોગિક વસાહતમાં સિલ્વર બ્રાસ કંપનીમાં નોકરી કરતા ધ્રોલ પંથકના યુવકને હનીટ્રેપમાં ફસાવી યુવતિ અને હોમગાર્ડના જવાને બ્લેકમેલ કરી પૈસા પડાવી માનસીક ત્રાસ આપતા હોય જેનાથી કંટાળી જઈ યુવકે વીડિયો બનાવી સ્ટેટસમાં મુકી પાણીની ખાણમાં પડતુ મુકી આપઘાત કરી લીધો હતો.જે ઘટનામાં અંતે પોલીસે હોમગાર્ડના સ્થાન અને યુવતિની ધરપકડ કરવામાં આવી છે. મળતી વિગત મુજબ મેટોડા જીઆઈડીસીમાં રહેતા મુળ ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામના અજય માવજીભાઈ ખાંભુ ઉ.વ.૨૪ નામના યુવાને ગત તા. ૯-૫ના બપોરે વાગુદડ ગામની સીમમાં આવેલ પાણીની ખાણમાં પડતુ મુકી આપઘાત કરી લીધો હતો.યુવકે આપઘાત કરતાં પહેલા વીડિયો બનાવી સ્ટેટસમાં મુકી અંતિમ પગલું ભર્યું હતું. કારખાનામાં મજુરી કામ કરતા યુવકના મોબાઈલ ફોનમાંથી વીડિયો મળી આવ્યો હતો જેમાં કેટલા પૈસા દઉંમમ્મી તમને દઉં, ઘરે દઉ હું પૈસા નહીં દઉં એટલે એ મને આ રીતે દબાવી રાખે છે. મને કિરૂડી અને રાહુલિયો દબાવ્યા રાખે છે. હર વખથે મારો પગાર ખોવાઈ ન જતો પરંતુ આ બન્ને મને બ્લેકમેલ કરી મારા પૈસા પડાવી લેતા હોવાનું વીડિયોમાં જણાવ્યું હતું.

મેટોડા પોલીસે સ્યુસાઈડ નોટરૂપી બનાવેલા વીડિયોના આધારે હાડાટોડા ગામે રહેતા માવજીભાઈ નથુભાઈ ખાંભુની ફરિયાદ પરથી મેટોડાના ડાયમંડ પાર્કમાં રહેતી મૂળ મોરબીની કિરૂડી ઉર્ફે કિર્તી દાનાભાઈ પરમાર અને રાજકોટના રૈયાધાર પાણીની ટાંકી પાસે રહેતો રાહુલ ભલા બગડા સામે આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધ્યો હતો. આ બનાવમાં પોલીસે બન્નેની ધરપકડ કરી હતી.આ બનાવની તપાસ મેટોડાના પીએસઆઈ કુલદિપસિંહ ગોહિલ ચલાવી રહ્યા છે.

# બિમારીની વધુ પડતી દવા પી લેતાં શાપર-વેરાવળના યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતા યુવકને વ્યસન મુક્તિ માટે વીરનગરમાં આવેલી શિવાનંદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં યુવાને બીમારીની વધુ પડતી દવા પી લેતા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ શાપર વેરાવળમાં રહેતા ગોપાલભાઈ કાંતિલાલ ઉમરાણીયા નામનો ૩૫ વર્ષનો યુવાન વીરનગરમાં આવેલી શિવાનંદ હોસ્પિટલમાં હતો ત્યારે રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં બીમારીની વધુ પડતી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ યુવકનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક ગોપાલભાઈ ઉમરાણીયા બે ભાઈમાં નાનો હતો અને દારૂ પીવાની કુટેવ ધરાવતો હતો જેથી પરિવાર દ્વારા ગોપાલભાઈ ઉમરાણીયાને વ્યસન મુક્તિ માટે વીરનગરમાં આવેલી શિવાનંદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં ગોપાલભાઈ ઉમરાણીયાએ બીમારીની વધુ પડતી દવા પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આટકોટ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખોખડદળ નદીના પુલ પર પતિના બાઈક પરથી નીચે પટકાતા પત્નીનું મોત

## ચુડા ગામે માતાજીના પ્રસંગમાંથી પરત આવતા મહિલા કાળનો કોળીયો બની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે ખોખડદળ પાસે બાઇક પર દંપતી જતું હતું. ત્યારે ચાલુ બાઈકે મહિલાને સનસ્ટ્રોક આવતા તે ચાલુ બાઈકે નીચે પટકાયા હતા. જેથી તેણીને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અને અહી તેનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

શાપરમાં સીતારામ સોસાયટીમાં રહેતા ઇન્દુબેન ગણપતભાઈ સોલંકી નામના ૩૨ વર્ષીય મહિલા તેમના પતિ સાથે બાઈક પર બેસીને રેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના કરમાળ ગામેથી માતાજીના પ્રસંગમાંથી ઘરે પરત ફરતા હતા ત્યારે ખોખડદળ ચોકડી પાસે પહોંચ્યા ત્યારે મહિલાને સનસ્ટ્રોકના આવતા તે ચાલુ બાઈકે ચક્કર ખાઈ નીચે પટકાયા હતા. અને તેણીને ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અને અહી તબીબોએ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ મામલે આજીડેમ પોલીસે તપાસ કરતાં જણાવ મળ્યું હતું કે, મૃતકને સંતાનમાં પુત્ર-પુત્રી છે. હાલ મહિલાના મોતથી પરિવાર શોકમાં ગરક થયો છે.

# કુવાડવા રોડ પર લક્ષ્મણ પાર્કમાં યુવતી અને પંચશીલનગરમાં મહિલાનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા લક્ષ્મણ પાર્કમાં રહેતી પુનમબેન છનુલાલ નંદા (ઉ.વ.૧૬)નામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા ૧૦૮ ને જાણ કરવામાં આવતા ૧૦૮ ના સ્ટાફે મૃતક જાહેર કરી બીડીવીઝન પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ હિતેષભાઈએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે. જ્યારે એક બનાવમાં મવડી ગામમાં કણકોટ રોડ પર આવેલ પંચશીલનગરમાં રહેતી પુનમબેન સંજયભાઈ ગલતર (ઉ.વ.૨૫)નામની મહિલાએ સવારના ૯ વાગ્યે પોતાના ઘરે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ લેતા સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃતક જાહેર કરી હતી. બનાવ અંગેની જાણ તાલુકા પોલીસમાં કરવામાં આવતા પીએસઆઈ એલ.બી.ડીડોર સહિતનો સ્ટાફ ખાનગી હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું કે પુનમબેનના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતા. તેને સંતાનમાં એક આઠ મહિનાનો દિકરો છે. અને સંયુક્ત પરિવારમાં રહે છે.

# મોરબીમાં પોકેટકોપ એપ્લીકેશનની મદદથી બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી બી ડિવિઝન પોલીસ મથક ટીમે પોકેટકોપ મોબાઇલ એપ્લીકેશનની મદદથી મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ચોરાઉ બાઈક સાથે બાઈક ચોરને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ મોરબીના માળીયા ફાટક ચાર રસ્તા ખાતે વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમ્યાન માળીયા બાજુથી સર્વીસ રોડ ઉપર એક શંકાસ્પદ નંબર પ્લેટ વગરનું બાઈક આવતા જેને અટકાવી બાઈક અંગેના જરૂરી કાગળો માંગતા બાઈક ચાલકે પોતાની પાસે નહી હોવાનુ જણાવ્યું હતું. જેથી બી ડિવિઝન પો.કોન્સ પ્રદીપસિંહ બહાદુરસિંહ દ્વારા પોકેટકોપ મોબાઇલ એપ્લીકેશનમા બાઇકના એન્જીન અને ચેચીસ નંબર સર્ચ કરતા ફફ બાઈક આષીશભાઇ રામજીભાઇ કામાણી રહે-ગોંડલ રોડ રાજકોટ વાળાના નામનુ બતાવતા હોય જે બાઈક ચોરી થયાની ફરિયાદ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ હોય તે બાઈક હોય જેથી ચોરાઉ બાઈક ચાલક આરોપી મહેશભાઇ ઉર્ફે છોટુ દીપકભાઇ દેલવાડીયા ઉવ.૨૧ હાલ રહે-પાડાપુલ નીચે મોરબી મુળરહે.લીલાપર રોડ રામાપીરના મંદીર પાસે મોરબીની અટકાયત કરી આરોપી પાસેથી ચોરીનું બાઈક કબ્જે લઇ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.